E mail - prdpraval@yahoo.co.uk
www.janfariyadnews.com
RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) दैनिक

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)
* Volume : 10 * Issue No. 299 * Date: 19.08.2024,Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# સિમલામાં ફરી આભ ફાટ્યું, ૧૩૨ રસ્તા બંધ





હિમાચલ પ્રદેશના સિમલામાં શુક્રવારે મોડી રાત્રે વાદળ ફાટ્યા બાદ હજુ પણ ભારે વરસાદ ચાલુ છે. જેના કારણે ૧૩૨ રસ્તાઓ બંધ છે. સિમલાના રામપુરમાં આભ ફાટવાથી તેની ચપેટમાં આવી ૩૦ મીટર લાંબો રોડ આખો ધોવાઈ ગયો છે. વહીવટી તંત્રએ સમગ્ર વિસ્તારમાં વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે.આ તરફ કિન્નૌર અને ચંબામાં ભૂસ્ખલનને કારણે કેટલાક રસ્તાઓ બંધ છે. ઓડિશાના ૩૦ જિલ્લામાં પૂરની આશંકા છે. રાજ્ય સરકારે તમામ જિલ્લાના ડીએમને એલર્ટ મોડ પર રહેવાનો આદેશ આપ્યો છે. માછીમારોને પણ દરિયામાં ન જવા કહેવામાં આવ્યું છેઉત્તર પ્રદેશમાં પણ ભારે વરસાદને કારણે યમુના નદીનું જળસ્તર અને વહેણ તેજ છે. આગ્રામાં યમુના નદીમાં બે ભાઈઓ તણાઈ ગયા હતા. તે ફિરોઝાબાદ જિલ્લાનો રહેવાસી હતા. તરવૈયાઓએ શનિવારે બંનેના મૃતદેહ બહાર કાઢ્યા હતા.હવામાન વિભાગે રવિવારે (૧૮ ઓગસ્ટ) મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન સહિત ૧૯ રાજ્યોમાં ભારે વરસાદનું એલર્ટ જાહેર કર્યુ છે. આ તરફ પશ્ચિમ બંગાળમાં પણ ભારે વરસાદની શક્યતા છે.હિમાચલ પ્રદેશના ત્રણ જિલ્લામાં ૩૧ જુલાઈના રોજ આભ ફાટવાથી આવેલા અચાનક પૂરથી મૃતકોની સંખ્યા વધીને ૩૨ થઈ ગઈ છે. અધિકારીઓએ જણાવ્યું કે, કુલ્લુના નિરમંડ, સૈન્જ અને મલાણા, મંડી, પધર અને સિમલાના રામપુરમાં અચાનક આવેલા પૂરની ઘટનામાં ઓછામાં ઓછા ૨૩ લોકો હજુ પણ ગુમ છે.૧૯ ઓગસ્ટે હવામાન વિભાગે ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, છત્તીસગઢ, મધ્યપ્રદેશ, ગોવા, મહારાષ્ટ્ર, ઓડિશા, ઝારખંડ, બિહાર, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, પશ્ચિમ બંગાળ, કર્ણાટક, કેરળમાં વરસાદનું એલર્ટ છે.રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઓડિશા, હિમાચલ પ્રદેશ અને ઝારખંડના કેટલાક જિલ્લાઓમાં પણ વીજળી પડવાની શક્યતા છે. હવામાન વિભાગે ઓડિશાના માછીમારોને દરિયા કિનારાથી અંતર જાળવવા કહ્યું છે. અહીં ૨૦ ઓગસ્ટ સુધી પૂરનું એલર્ટ છે.રાજસ્થાનના લોકોને હવે ભારે વરસાદથી રાહત મળવા લાગી છે. શનિવારે રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં હવામાન સ્વચ્છ અને તડકો રહ્યું હતું. આગામી પાંચ દિવસ સુધી રાજ્યમાં કોઈપણ જગ્યાએ ભારે વરસાદનું એલર્ટ નથી. હવે ૨૨ ઓગસ્ટ પછી વરસાદની સંભાવના છે.હરિયાણામાં ઓગસ્ટમાં ચોમાસું મહેરબાન રહ્યું છે. સતત સાત દિવસના વરસાદ બાદ હવામાન વિભાગે ૧૪ જિલ્લામાં ફરી વરસાદની આગાહી કરી છે.

## તાલીમાર્થી તબીબની હત્યામાં માનવ અંગોની તસ્કરીની આશંકાઃસીબીઆઈના સૂત્રોનો દાવો




કોલકાતાની આરજી કર મેડિકલ કોલેજમાં ૯ ઓગસ્ટના રોજ ટ્રેઈની ડોક્ટર સાથે બળાત્કાર અને હત્યાના મામલામાં ચોંકાવનારી માહિતી સામે આવી રહી છે. સીબીઆઈને અત્યાર સુધીની તપાસ અને ડોક્ટરના બેચમેટ્સનાં નિવેદનો પરથી જાણવા મળ્યું છે કે માનવ અંગોના ગેરકાયદે વેપારનો પર્દાફાશ કરવાના પ્રયાસોને રોકવા માટે તાલીમાર્થી ડોક્ટરને રસ્તામાંથી હટાવી દેવામાં આવી હતી.એજન્સીએ શનિવારે ૧૩ લોકોની પૂછપરછ કરી હતી. તેણે બે દિવસમાં ૧૯ લોકોની પૂછપરછ કરી છે. જેમાં અડધાથી વધુ લોકોએ હોસ્પિટલમાંથી માનવ અંગોની તસ્કરીના રેકેટની માહિતી આપી છે. ટીમનો દાવો છે કે ટૂંક સમયમાં ઘણા વ્હાઈટ કોલર ચહેરાઓ સામે આવશે.સીબીઆઈના સૂત્રોએ દૈનિક ભાસ્કરને જણાવ્યું કે આ કેસના મૂળ ખૂબ ઊંડા છે. બળાત્કાર એટલા માટે કરવામાં આવ્યો હતો કે આ એક સામાન્ય ઘટના હોવાનું જણાય. મેડિકલ કોલેજમાં લાંબા સમયથી સેક્સ અને ડ્રગ્સ રેકેટ ચલાવવાનો પણ આરોપ છે. ૨૩ વર્ષ પહેલા ૨૦૦૧માં કોલેજની હોસ્ટેલમાં થયેલા એક વિદ્યાર્થીના મોતની કડીઓ પણ આ સાથે જોડાવા લાગી છે.એક રાજકીય પક્ષના એક વરિષ્ઠ નેતાએ દાવો કર્યો છે કે તેમની પાસે ડોક્ટરોના વોટ્સએપ ગ્રુપના સ્ક્રીનશોટ છે, જે હોસ્પિટલમાં સેક્સ અને ડ્રગ રેકેટનો ખુલાસો કરે છે. જેમાં અન્ય પાર્ટીના વરિષ્ઠ નેતા અને તેમના ભત્રીજાનો ઉલ્લેખ છે.સીબીઆઈ સૂત્રોના જણાવ્યા અનુસાર આ સુરાગ બાદ પૂછપરછ દરમિયાન મેડિકલ કોલેજના ચાર લોકોના નામ સામે આવ્યા છે. તેમની વચ્ચે ત્રણ ડોક્ટર અને એક હાઉસ સ્ટાફ છે. એવો દાવો કરવામાં આવે છે કે ચારેય રાજકીય પક્ષ સાથે સંકળાયેલા છે અને તેઓ હોસ્પિટલમાં સેક્સ અને ડ્રગ રેકેટ ચલાવતા હતા. સીબીઆઈ અધિકારીઓનું કહેવું છે કે નક્કર પુરાવા એકત્ર કરવામાં આવી રહ્યા છે.સૂત્રોના જણાવ્યા અનુસાર, આરજી કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં મેડિકલ વેસ્ટના નિકાલ અને કેટલીક દવાઓ અને સામાનના સપ્લાયનું કામ મેનેજમેન્ટની નજીકના વ્યક્તિને આપવામાં આવ્યું હતું, પરંતુ સપ્લાય શરતો મુજબ કરવામાં આવી રહી ન હતી. પીડિતાને આ વાતની જાણ હતી. આ પણ હત્યા પાછળનું કારણ હોવાની આશંકા છે.હૉસ્પિટલના ડૉક્ટરનો દાવો છે કે પીડિતાએ અગાઉ સ્વાસ્થ્ય ભવનમાં આ અંગે ફરિયાદ કરી હતી.

## બજરંગ પુનિયાએ તિરંગા પર પગ મુકવા મામલે વિવાદ:વિનેશનું સ્વાગત કરતા કારના બોનેટ પર ચઢ્યો



પેરિસથી ઘરે પરત આવેલી વિનેશ ફોગાટના સ્વાગત કાર્યક્રમ દરમિયાન રેસલર બજરંગ પુનિયા વિવાદમાં આવ્યો છે. વિનેશ ફોગાટને આવકારવા માટે લાવવામાં આવેલી જી-વેગન કારના બોનેટ પર તિરંગાના પોસ્ટર લગાવવામાં આવ્યા હતા. આ દરમિયાન બજરંગ કારના બોનેટ પર ચઢી ગયો હતો. તિરંગાનું પોસ્ટર તેના પગ નીચે આવી ગયું હતું.રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (ઉહ્લૈં)ના ભૂતપૂર્વ અધ્યક્ષ બ્રિજ ભૂષણ પર મહિલા કુસ્તીબાજોએ યૌન શોષણનો આરોપ લગાવ્યો હતો. બજરંગ પુનિયા, વિનેશ ફોગાટ અને સાક્ષી મલિકના નેતૃત્વમાં આ અંગે આંદોલન થયું હતું. કુસ્તીબાજોએ પહેલા જંતર-મંતર પર વિરોધ પ્રદર્શન કર્યું. ત્યારબાદ સુપ્રીમ કોર્ટમાં અરજી કર્યા બાદ દિલ્હી પોલીસે બ્રિજભૂષણ વિરુદ્ધ કેસ નોંધ્યો હતો. આ કેસની સુનાવણી કોર્ટમાં ચાલી રહી છે.બ્રિજભૂષણના નજીકના સંજય સિંહ ઉહ્લૈંની ચૂંટણીમાં અધ્યક્ષ તરીકે ચૂંટાયા હતા. જે બાદ બજરંગ પુનિયાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને પદ્મશ્રી એવોર્ડ પરત કરવાની જાહેરાત કરી હતી. આ પત્રમાં બજરંગે ભારતીય કુસ્તી સંઘના અધ્યક્ષ પદ પર બ્રિજભૂષણના નજીકના સંજય સિંહની જીત સામે પોતાનો વિરોધ વ્યક્ત કર્યો હતો. સાક્ષી મલિકે પણ કુસ્તીમાંથી નિવૃત્તિ લીધી હતી. વડાપ્રધાન આવાસમાં એન્ટ્રી ન મળતા બજરંગે પોતાનો એવોર્ડ સામે ફૂટપાથ પર રાખ્યો હતો.

બજરંગ પુનિયા ગયા વર્ષે ચીનમાં હાંગઝોઉ એશિયન ગેમ્સની સેમિફાઈનલ મેચમાં હારી ગયો હતો. એટલું જ નહી, બ્રોન્ઝ મેડલ મેચમાં પણ બજરંગને જાપાની રેસલર કે. યામાગુચીએ ૧૦-૦થી હરાવ્યો હતો. તેની હાર બાદ સોશિયલ મીડિયા પર ઘણા લોકો ગુસ્સે થયા હતા, કારણ કે તેણે એશિયન ગેમ્સમાં ભાગ લેતા પહેલા કોઈ સ્પર્ધાત્મક મેચમાં ભાગ લીધો ન હતો.

## ગુજરાતમાં આગામી ૫ દિવસ મેઘ મહેરની શક્યતા



ગુજરાતમાં વરસાદની ગતિ ફરીથી ધીમી પડી ગઈ છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૫૨ તાલુકામાં માત્ર વરસાદી ઝાપટાં પડ્યા છે. આ દરમિયાન રાજ્યમાં આગામી પાંચ દિવસ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. જેમાં રાજ્યમાં ૨૧-૨૨ ઑગસ્ટે દક્ષિણ ગુજરાતના નવસારી અને વલસાડ જિલ્લામાં ભારે વરસાદને પગલે યલો ઍલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.હવામાન વિભાગ અનુસાર, આજે (૧૮મી ઑગસ્ટે) બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, પંચમહાલ, દાહોદ, મહીસાગર, વડોદરા, છોટા ઉદેપુર અને દક્ષિણ ગુજરાતના નર્મદા, ભરુચ, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ સહિત સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, મોરબી, દ્વારકા, ગીર સોમનાથ, બોટાદ, કચ્છ જિલ્લાના અમુક સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે. બીજી તરફ હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે ગુજરાતમાં મધ્યમથી ભારે વરસાદની આગાહી કરી છે. રાજ્યમાં આગામી ત્રણ દિવસ પછી રાજ્યમાં સારો એવો વરસાદ ખાબકી શકે છે. તેવામાં બે બે સિસ્ટમ સક્રિય થવાથી રાજ્યમાં ભારે વરસાદ પડી શકે છે. આ સાથે અરબ સાગરમાં ૨૦મી ઑગસ્ટે સિસ્ટમ સક્રિય થતાં તે ડીપ ડિપ્રેશનમાં ફેરવાતા કર્ણાટક સુધી વરસાદ લાવી શકે છે. બીજી તરફ, બંગાળના ઉપસાગરમાં ૨૫થી ૩૦ ઑગસ્ટ સુધીમાં સિસ્ટમ સક્રિય થવાથી તેની અસર ગુજરાતમાં જોવા મળશે.

## તંત્રી લેખ.....

# ચાઈનીઝ સ્ટીલ ઉદ્યોગમાં ૨૦૦૮ અને ૨૦૧૫ કરતાં પણ વધુ ગંભીર કટોકટી

ચાઈનીઝ સ્ટીલ મેન્યુફેક્ચરરોએ સ્ટીલની માંગ મંદ રહી હોવા સાથે હજુ વધુ ઘટાડો થવાના અંદાજો સાથે માર્જિનમાં કડાકો બોલાઈ જવાના અંદાજોએ ઉત્પાદનમાં ઘટાડો કર્યો છે. ચાઈનાના સ્ટીલ મેન્યુફેક્ચરરોએ જુલાઈ મહિનામાં સ્ટીલ ઉત્પાદનમાં બન્ને માસિક અને વાર્ષિક ધોરણે ૯ ટકા ઘટાડો કરીને ૮૨૯.૪ લાખ ટનનું ઉત્પાદન કર્યું છે. જે વર્ષ ૨૦૨૪માં નોંધાયેલું સૌથી ઓછું ઉત્પાદન હોવાનું નેશનલ બ્યુરો ઓફ સ્ટેટેસ્ટિક્સના આંકડામાં દર્શાવાયું છે. આ સાથે વર્ષના પ્રથમ સાત મહિનામાં કુલ સ્ટીલ ઉત્પાદન ૨.૨ ટકા ઓછું ૬૧.૩૭ કરોડ ટન જેટલું થયું છે.ચાઈનાના રિયલ એસ્ટેટ માર્કેટમાં મંદી અને ફેકટરી ઉત્પાદનમાં ઘટાડા તરફી ટ્રેન્ડના કારણે સ્થાનિક ભાવોમાં તીવ્ર ઘટાડો જોવાયો છે અને વિશ્વ બજારોમાં પણ ચાઈનીઝ મેટલની મોટો માલ ભરાવો થયો હોવાનું જોવાયું છે. વિશ્વના સૌથી મોટા સ્ટીલ ઉત્પાદક દેશે ૧૪, ઓગસ્ટના ચેતવણી જારી કરી છે કે, ઉદ્યોગ વર્ષ ૨૦૦૮ અને વર્ષ ૨૦૧૫ કરતાં પણ ગંભીર કટોકટીની પરિસ્થિતિનો સામનો કરી રહ્યો છે.સ્ટીલની માંગમાં ઘટાડા સાથે ઉદ્યોગ માટે પ્રમુખ માંગના સ્ત્રોત કન્સ્ટ્રકશન ક્ષેત્રે પણ નવા ઘરોના વેચાણમાં ખાસ કોઈ વૃદ્ધિ નહી દેખાતાં પરિસ્થિતિ વધુ કથળવાનો અંદાજ મૂકાઈ રહ્યો છે. બીજી તરફ સરકાર પણ આ નબળી પરિસ્થિતિ છતાં ઈન્ફ્રાસ્ટ્રકચર પરના ખર્ચમાં વેગ લાવતી નહી હોવાનું નેગેટીવ પરિબળ રહ્યું છે. જેથી વર્ષ ૨૦૨૪માં ચાઈનીઝ સ્ટીલનો વપરાશ ત્રણ ટકા જેટલો ઘટવાનો અંદાજ મૂકાઈ રહ્યો છે.સ્ટીલ ઉદ્યોગ વર્ષોથી વધુ પડતી ક્ષમતાથી ઘેરાયો છે. પ્રદૂષણને ઓછું કરવાના પ્રયાસમાં બૈજિંગ દ્વારા ઉત્પાદન પર લિમિટ બાંધવા અથવા તો પાછલા વર્ષના લેવલે ઉત્પાદનને જાળવવા પ્રયાસ કરાઈ રહ્યા છે. વર્ષ ૨૦૨૦માં ઉત્પાદનમાં મજબૂત વૃદ્ધિને કારણે એક અબજ ટનનો આંક પાર થયો હતો.

# ઇન્ડોનેશિયાના યોગ્યાકાર્તામાં પૂજ્ય મોરારી બાપૂની રામકથાનું આયોજન

યોગ્યાકાર્તા (ઇન્ડોનેશિયા), ૧૭ ઓગસ્ટ, ૨૦૨૪: સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વારસા માટે પ્રખ્યાત શહેર યોગ્યાકાર્તા પ્રતિષ્ઠિત ભારતીય આધ્યાત્મિક ગુરૂ પૂજ્ય મોરારી બાપૂ દ્વારા જ્ઞાનવર્ધક રામાયણ પ્રવચનનું આયોજન કરવા જઇ રહ્યું છે. આ કાર્યક્રમ ૧૭ ઓગસ્ટથી ૨૫ ઓગસ્ટ દરમિયાન મેરિયટ હોટલમાં યોજાઇ રહ્યો છે, જે ઐતિહાસિકરૂપે હિંદુ ધર્મ અને બૌદ્ધ ધર્મ સાથે જોડાયેલા શહેરમાં ગોસ્વામી તુલસીદાસના રામચરિત માનસના ગહન સંશોધનની ખાતરી આપે છે.

ઇન્ડોનેશિયા મુખ્યત્વે મુસ્લિમ દેશ હોવા છતાં યોગ્યાકાર્તામાં અદભૂત પ્રમ્બાનન મંદિર પરિસર છે, જે ઇન્ડોનેશિયામાં સૌથી પ્રતિષ્ઠિત હિંદુ મંદિરો પૈકીનું એક છે. આ ઐતિહાસિક સ્થળ સદીઓથી હિંદુ સંસ્કૃતિ અને આધ્યાત્મિકનું સંરક્ષક રહ્યું છે. પ્રમ્બાનનું જટીલ નકશીકામ રામાયણના દ્રશ્યોને દર્શાવે છે, જે આ પ્રતિષ્ઠિત મહાકાવ્ય સાથે યોગ્યાકાર્તાનો ગાઠ સાંસ્કૃતિક સંબંધ દર્શાવે છે.

યોગ્યાકાર્તા વિશે વાત કરતાં પૂજ્ય મોરારી બાપૂએ જણાવ્યું હતું કે, તેઓ મુખ્યત્વે બે કેન્દ્રિય ચોપાઇઓ ઉપર ધ્યાન કેન્દ્રિત કરશેઃ

Bal Kaand Chaupai 148: Chhabi Samudra Hari Roopa Biloki I Ektak Nayan Pat Roki II

Ayodhya Kaand Chaupai 156: Bipra Jeevai Dehi Din Dana I Siv Abhishek Karhi Bidhi NanaIIકથાના ઉદઘાટન પ્રસંગે પૂજ્ય મોરારી બાપૂએ જણાવ્યું હતું કે, તેઓ આ કથાનું નામ માનસ સમુદ્ર અભિષેક રાખવાનું પસંદ કરશે. તેમણે કહ્યું હતું કે, ગોસ્વામી તુલસીદાસના રામચરિત માનસમાં અભિષેક શબ્દ ૧૬ વખત આવે છે અને સમુદ્ર શબ્દ ૭ વખત આવે છે. વિશ્વમાં સાત સમુદ્ર છે અને તેની સાથે આ શબ્દ સંકળાયેલો છે.

ત્યારબાદ તેમણે ભગવાન બુદ્ધ સાથે જોડાયેલી આ વાર્તા સંભળાવી હતી, જેમાં તેમણે ધાર્મિક નેતાઓના વિરોધ વચ્ચે પણ કહેવાતી અસ્પૃશ્ય જાતિના વ્યક્તિનો અભિષેક કર્યો હતો. ભગવાન બુદ્ધનું માનવું હતું કે સ્વિકૃતિનો એકમાત્ર માપદંડ વ્યક્તિની યોગ્યતા હોવી જોઇએ, નહી કે તેની જાતિ.

બાપુએ કહ્યું કે પરંપરાગત રીતે દૂધ, દહીં, મધ, ઘી અને ખાંડ સહિત પાંચ ચીજો સાથે અભિષેક કરવામાં આવે છે. તેમણે ઉમેર્યું કે ગોસ્વામી તુલસીદાસની પાંચ શીલ (સારા આચરણના ચિહ્નો) વિવેક (વિવેકની શક્તિ), પ્રકાશ (અજ્ઞાનમાં ન જીવવા), વિશાળતા (ઉદારતા), વિશ્વાસ (વિશ્વાસ) અને શ્રદ્ધા (ભક્તિ) છે.

પૂજ્ય બાપૂએ ઇન્ડોનેશિયા દેશને તેના સ્વતંત્રતા દિવસ પર પણ શુભેચ્છા પાઠવી હતી અને બહુસાંસ્કૃતિક વારસો ધરાવવા બદલ લોકોની પ્રશંસા કરી હતી. તેમણે દેશ પ્રત્યે આદર વ્યક્ત કર્યો હતો કે જ્યાં લગભગ ૮૦ ટકા મુસ્લિમ વસ્તી છે.

બાપૂએ બાંગ્લાદેશમાં હિંદુઓની સ્થિતિ વિશે ચિંતા વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે તાજેતરમાં અમદાવાદમાં હિંદુ સંતોએ બાપુને સનાતન ધર્મના અનુયાયીઓનું રક્ષણ કરવાની જરૂરિયાત અંગેનો મેમો સંયુક્ત રાષ્ટ્રને મોકલવા માટે અપીલ કરી હતી કે જ્યાં બાપૂએ તાજેતરમાં કથા સમાપ્ત કરી છે.

યોગ્યાકાર્તાના હિંદુ મૂળ

મધ્ય જાવામાં સ્થિત યોગ્યાકાર્તાનો ઇતિહાસ પ્રાચીનકાળથી સમૃદ્ધ છે. આ પ્રદેશ એક સમયે માતરમ સામ્રાજ્યનો ભાગ હતો, જે ૮મી અને ૧૫મી સદીની વચ્ચે હિંદુ-બૌદ્ધ સંસ્કૃતિના વિકાસ માટે જાણીતો હતો. જાવામાં હિન્દુ ધર્મનો ફેલાવો સામાન્ય રીતે ભારતીય વેપારીઓના પ્રભાવ અને ટાપુના ભારત સાથેના દરિયાઈ સંબંધો સાથે સંકળાયેલો છે.

માતરમ સામ્રાજ્યના સંજય રાજવંશ દ્વારા આ સમયગાળા દરમિયાન બાંધવામાં આવેલા પ્રમ્બાનન અને બોરોબુદુર મંદિરો, ઇન્ડોનેશિયાના સૌથી મહત્વપૂર્ણ પુરાતત્વીય સ્થળોમાંના એક છે, જે જાવામાં હિન્દુ સંસ્કૃતિ અને સ્થાપત્યની ઊંચાઈને પ્રતિબિંબિત કરે છે.માતરમ્ સામ્રાજ્ય આખરે બે ભાગમાં વિભાજિત થયું - એક હિંદુ-બૌદ્ધ અને એક ઇસ્લામિક.

# રક્ષાબંધન પર્વ આમ યાદ આવે છે.

ગીત/ટપકું લગાવતી ગાલે
બેની! ટપકું લગાવતી ગાલે
કાળા એ કાજળની નોખેરી ગંધ હજી આજે પણ શ્વાસોમાં મહાલે

ઘસી ઘસીને તેલ માથામાં, પ્રસરાવે ભાંગરાની ખુશ્બુને ફળિયે
જમણે જમાવતી ગુચ્છો દમામદાર, પસવારે પાંથી આંગળીયે
ટાપટીપ ઝીણેરી ઝાઝી થતી ને થતો રાણો ★ તૈયાર ત્રણતાલે
ટપકું લગાવતી ગાલે

ભાલીયા ઘઉંનો એ રોટલો ભરાવદાર, માથે વઢીયારી ઘીની વાઢી
એમાંથી નીકળતી સોડમ છે નાસિકામાં, વહેતી વેળાએ કરી ગાઢી
હરફર રૂમઝુમતી એવી થતી કે જાણે ધરણી ધમધમતી ભૂચાલે
ટપકું લગાવતી ગાલે

ચીલાઓ ચાતરીને જીવે છે ભઈલો એમ, મોટી!તું આગવું જ જીવી
માડીની પારે તેં હોમ્યું'તું આયખું, ઝળહળતી થઈને એક દીવી
?શ્વાનોની સેવામાં રહી એક શ્વાનને જ કારણે તું નીકળી અકાળે
ટપકું લગાવતી ગાલે
★ 'રાણો' મારું હુલામણું નામ
પ્રતાપસિંહ ડાભી 'હાકલ'

# માનસ સમુદ્રાભિષેક★ ★મહેશ એન.શાહ.★ ★કથા ક્રમાંક-૯૪૧★ ★દિવસ-૧ તા-૧૭ ઓગસ્ટ★

★પ્રાચિન જાવાનીઝ સભ્યતા અને રામાયણી સનાતની દેશ ઈન્ડોનેશિયાની ભૂમિ પરથી ૯૪૧મી રામકથાનો મંગલ પ્રારંભ.★

★ત્રણ પ્રકારનાં અભિષેકનું બિલિપત્ર શંકરનાં ચરણોમાં સમર્પિત કરતી કથા.★

★આત્મબોધ માટે વર્ણ કે જાતિ જરૂરી નથી,મૈત્રી અને કરુણા જરૂરી છે.★

★સાધુમાં જ્ઞાન ગાંભીર્ય નહીં પણ ગો ગાંભીર્ય જરૂરી છે.★

★કથાબીજ પંક્તિઓઃ★
★છબિ સમુદ્ર હરિ રુપ બિલોકી;★
★એક ટક રહે નયન પટ રોકી.★
★-બાલકાંડ★
★બિપ્ર જેવાંઈ દેહિ દિન દાના;★
★સિવ અભિષેક કરહિ બિધિ નાના.★
★-અયોધ્યાકાંડ★

પ્રાચિન,સનાતની,રામાયણમય દેશ ઈન્ડોનેશિયાની જાવાનીઝ સભ્યતાથી જોડાયેલી યોગ્યકર્તાની ભૂમિ પરથી આ બીજ પંક્તિઓ સાથે કથા આરંભ કરતા બાપુએ કહ્યું કેઃભગવાન મહાદેવની અસીમ કૃપાથી શ્રાવણના પવિત્ર દિવસોમાં આ દેશની ભૂમિ ઉપર નવ દિવસીય રામકથાનું અનુષ્ઠાન શરૂ કરી રહ્યા છીએ.વિશેષ આનંદ એ છે કે આ દેશનો સ્વાતંત્ર દિવસ આજે-૧૭ઓગસ્ટે-જ છે ત્યારે બાપુએ દેશને,જનતા અને સરકારને શુભકામના આપતા પરમાત્મા તેમને સંપન્ન રાખે એવા શબ્દો ઉચ્ચાર્યા. બાપુએ કહ્યું કે ૮૦૦-૯૦૦ વર્ષ પહેલા અહીંનો રાજા પણ સનાતની હિન્દુ હતો.આખો દેશ રામાયણમય છે મૂળમાં રામાયણની સભ્યતા છે.શિવની,રામાયણની અને બુદ્ધની ભૂમિ પર આવવાની પ્રસન્નતા વ્યક્ત કરીને મનોરથી પરિવાર વિશે પણ બાપુએ વાત કરી. બાપુએ કહ્યું કે ગુજરાતીમાં સમુદ્ર શબ્દને સમંદર પણ કહે છે.જ્યાં જળ સમાન સ્તર ઉપર છે એ સમ-ઉદર એટલે સમંદર.

બાપુએ કહ્યું કે આ પરિવારને કથા મળવી જ જોઈએ કારણ કે વર્ષોથી આ દેશમાં રહીને નિરંતર આંખો પરિવાર અખંડ રામાયણનો પાઠ કરે છે. એમની રામ પ્રીતિ અને રામચરિતમાનસ પ્રતિ નિષ્ઠાની પ્રસન્નતા બાપુએ વ્યક્ત કરી સાથે એ પણ જણાવ્યું કે ઈન્ડોનેશિયામાં ક્યારેક કોઈક મુશ્કેલીઓ આવી હોય,વિકટ પરિસ્થિતિ હોય એ વખતે વ્યાસપીઠ પોતાની રીતથી સેવાનો સંકલ્પ કરે છે ત્યારે મનોરથી પરિવારે દર વખતે ઈન્ડોનેશિયાની સેવા પોતાના દ્વારા કરી છે.

બાપુએ કહ્યું કે સાહિત્યના નવ રસ,ભોજનના છ રસ,ઉપરાંત રામચરિત માનસમાં એક રસ-મધુરરસ અને બીજા પાંચ રસ.પણ એમાં સૌથી મહત્વનો રસ સેવારસ છે.એ સેવાના રસ ધરાવતા મનોરથી પરિવારને બાપુએ વધાઈ આપી.

બાપુએ કહ્યું કે અભિષેક શબ્દ ઉપર એક કથા- માનસ રુદ્રાભિષેક કરેલી.અભિષેક મોટાભાગે શિવનો-રૂદ્રનો જ થતો હોય.છતાં પણ રામનો રાજ્ય અભિષેક પણ થયો છે.રામચરિત માનસમાં અભિષેક શબ્દ ૧૬ વખત આવ્યો છે.રામચરિત માનસના અયોધ્યાકાંડ અને ઉત્તરકાંડમાં અભિષેક શબ્દની વધારે ચર્ચા થઈ છે.બ્રહ્મલીન પૂજ્ય ડોંગરેબાપા કહેતા કે અયોધ્યાકાંડ યુવાનીનો કાંડ છે એટલે રુદ્રાભિષેક યુવાનોએ કરવો જોઈએ અને ઉત્તરા અવસ્થામાં પણ અભિષેક જરૂરી છે.

રામચરિત માનસમાં માતૃ શરીરનો અભિષેક પાણીથી થતો નથી.પરંતુ બાલકાંડમાં દુર્ગાનો અભિષેક વાણીથી મા જાનકીજી કરે છે.આમ રુદ્રાભિષેક, રાજ્યભિષેક દુર્ગાભિષેક અને ચોથો જળ અભિષેક એ ઉપરાંત હૃદયનો અભિષેક પણ થાય છે.

બાપુએ કહ્યું કે આ નવ દિવસ સુધી આપણે સમુદ્રનો અભિષેક કરીશું.કારણકે સમુદ્રના અભિષેકમાં આ બધા જ અભિષેક આવી જાય છે.

રામચરિત માનસમાં સાગર શબ્દ ઘણી વખત આવ્યો છે.સમુદ્રના પર્યાયવાચી ઘણા શબ્દ છે.પણ 'સમુદ્ર' શબ્દ માત્ર સાત વખત આવ્યો છે કારણ કે સમુદ્ર પણ સાત છે!

અહીં ઉઠાવેલી બે પંક્તિઓમાંથી એક પંક્તિમાં ભરતજી શિવનો અભિષેક કરે છે.શિવ સમુદ્ર છે તેથી રુદ્રાભિષેક પણ થઈ ગયો.ભગવાન રામ પણ સમુદ્ર છે,તો રામનો અભિષેક પણ થાય છે અને માનસ આપણું હૃદય છે એટલે હૃદયનો અભિષેક.આમ ત્રણેય પ્રકારના અભિષેકનું બીલીપત્ર મહાદેવના ચરણમાં આપણે અર્પણ કરીશું.

તુલસીદાસજી આનંદનો સાગર,છબિસમુદ્ર,શ્રવણ સમુદ્ર,શોકનો સમુદ્ર,મૂળ સમુદ્ર,કાળ સમુદ્ર એવા સમુદ્ર ગણાવે છે.

પણ અભિષેક કરવો હોય તો પાંચ વસ્તુ જરૂરી છેઃ દૂધ,દહીં,ઘી,મધ અને સાકર-એટલે કે પંચામૃતથી અભિષેક થાય છે.જલાભિષેક પણ થતો હોય છે. અહીં એક પંક્તિ બાલકાંડમાં છે.નૈમિષારણ્યમાં સ્વયંભૂ મનુ અને શતરૂપા ગોમતીના તટ ઉપર ખૂબ કઠિન તપસ્યા કરે છે અને એ વખતે ભગવાન પ્રગટ થાય છે ત્યારે ભગવાનને એકીટશે-છબિસમુદ્રની રીતે મનુ-શતરૂપા નિહાળે છે એ પંક્તિ અહીં લેવામાં આવી છે.

રામ વનવાસ,દશરથનું મૃત્યુ અને અયોધ્યામાં અનર્થ શરૂ થાય છે એ વખતે ભરતજીને અપ્રિય સપનાઓ આવે છે.બાપુએ કહ્યું કે જેટલું અંતઃકરણ સાફ હોય સપના એટલા વધારે સ્પષ્ટ કહી શકાય છે અને ભરતજી રાત્રે જાગે છે,બ્રાહ્મણોને બોલાવીને ભોજન કરાવે છે,દાન આપે છે અને એ પછી રુદ્રાભિષેક કરાવે છે અને ખરાબ સપનાઓમાંથી મુક્તિ માટેનો ઉપાય કરે છે.

બાપુએ ભગવાન બુદ્ધના આત્મ બોધ જ શબ્દ ઉપર સુનિત નામના એક દલિત વિશેની વાત કહી.બુદ્ધ ભગવાન એને નવડાવે છે અને બોલે છે કે આજે મેં અભિષેક કર્યો છે.બુદ્ધના આ કદમ ઉપર ખૂબ મોટો વિરોધ થાય છે.દરેક કાળમાં આવા વિરોધ થતા હોય છે.ગાંધીએ પણ આવું મહાન કાર્ય કરેલું ત્યારે જગતે વિરોધ કરેલો.બુદ્ધ સુનિત નામના દલિતને સ્નાન કરાવે છે.દીક્ષા આપે છે અને સંઘમાં લે છે.પ્રસેનજિત રાજાને પણ આ સારું લાગતું નથી.એ વખતે બુદ્ધ કહે છે કે આત્મબોધ થાય ત્યારે વર્ણ કે જાતિ જરૂરી નથી,મૈત્રી અને કરુણા જરૂરી છે.

બાપુએ કહ્યું કે સાધુને જ્ઞાન ગંભીર્ય નહીં પણ ગો ગાંભીર્ય જરૂરી છે.જેમ ગાય ઉભા-ઉભા અથવા તો બેઠા-બેઠા અનેક જગ્યાએથી આરોગેલું ઘાસ વાગોળે છે એ એનું ગો ગાંભીર્ય છે.

એ પછી માનસના મહિમાની અંદર સાત સોપાન તથા બાલકાંડમાં રહેલા સાત મંત્રો દ્વારા મંગલાચરણનું ગાન કરી અને ગુરુ વંદના કરતી વખતે બાપુએ તુલસીદાસજીના પંચશીલની વાત કરી.વચ્ચે આઠ પંક્તિમાં તુલસીદાસજી ગુરુની વંદના કરે છે એ તુલસીજીનું ગુરુ અષ્ટક છે.વંદના પ્રકરણમાં હનુમાનજીની વંદના કરીને આજની કથાને વિરામ આપવામાં આવ્યો.

રામકથાના પ્રથમ દિવસના આરંભે મનોરથી પરિવારનાં બાળકો-અભિનંદન,આરુષા અને અનંતે અહીંની સંસ્કૃતિ વિશેની વાત સાથે સૌનું સ્વાગત કર્યું.

★કથાવિશેષઃ★

★જ્યાંથી આ કથા ગવાઈ રહી છે એ યોગ્યકાર્તા વિશે શેષ-વિશેષઃ★

યોગ્યકર્તા-યોગ્યકાર્તા ઉપરાંત યોગ્યકાર્ટા એવા નામથી ઓળખાતું સ્થળ એ ઈન્ડોનેશિયાનાં યોગ્યકાર્ટા પ્રાંતનું પાટનગર છે.

આ સ્થળને ઈન્ડોનેશિયા તથા જાવાનું સાંસ્કૃતિક કેન્દ્ર માનવામાં આવે છે. આશરે ૨૧૬૦ ચો.કિમી.માં ફેલાયેલા આ શહેરની વસતિ ૪૦ લાખથી વધારે છે.

ઈન્ડોનેશિયન રાષ્ટ્રીય ક્રાંતિ ચળવળ ૧૯૪૬થી૧૯૪૮ વચ્ચે એ દેશની રાજધાની પણ રહેલી.

આ શહેર યોગ્યકાર્તા સલ્તનતની રાજધાની હતી.હાલ અહીં સુલતાન હમેન્ગકુબુવોનો દસમાં છે.

૦.૮૩૭ની સાથે યોગ્યકર્તા ઈન્ડોનેશિયાનાં લૌથી વધુ માનવ વિકાસ આંક ધરાવતા શહેરોમાંનું એક છે.વિકસિતનો દરજ્જો પ્રાપ્ત કરેલા આ શહેરમાં ૮૩% લોકો ઈસ્લામ ધર્મને અનુસરે છે.ઉપરાંત ખ્રિસ્તી,બૌધ્ધ અને હિંદુઓ પણ વસે છે. ઈન્ડોનેશિયા ખૂબ પૌરાણિક સમયમાં સનાતનની સંસ્કૃતિથી પ્રભાવિત હતું.મુખ્ય ઈસ્લામ,બૌધ્ધ,ખ્રિસ્તી સાથે અનેક ધર્મ અહીં છે.પણ રામાયણનું સાંસ્કૃતિક અને અધ્યાત્મિક મહત્વ છે.યોગ્ય કર્તા શબ્દ અયોધ્યાથી પ્રેરિત છે. યોગ્ય એટલે બરાબર અને કર્તા એટલે સમૃદ્ધિ.જે સમૃદ્ધિ માટે યોગ્ય છે-એવું સ્થળ.

આજે ૧૭ ઓગસ્ટ ઈન્ડોનેશિયાનો સ્વતંત્રતા દિવસ બાપુના આશિષ મળ્યા એટલે વિશેષ બની રહ્યો. અહીં જાવાનીઝ સંસ્કૃતિનું પ્રસિદ્ધ યુનેસ્કોનું હેરિટેજ સાઈટ ૯મી સદીની અંદર બનેલું બ્રહ્માનંદ મંદિર જ્યાં ત્રિદેવ-બ્રહ્મા,વિષ્ણુ અને મહેશની વિશાળ મૂર્તિઓ

આભાર - નિહારીકા રવિયા રાખવામાં આવેલી છે.

૪૦ હેક્ટરમાં આ સ્થળ ફેલાયેલું છે અને પરિસરમાં ૧૧૦ બાય ૧૧૦ મીટર લંબાઈ અને ૪૭ મીટર ઊંચું સૌથી ઊંચું શિવ મંદિર છે.

અહીં પરિસરમાં રામાયણની ચોપાઈઓ કોતરાયેલી છે.

સાથે-સાથે અન્ય હેરિટેજ સાઈટ યુનેસ્કો દ્વારા વર્લ્ડ હેરિટેજ સાઈટ ભગવાન બુદ્ધનું દુનિયાનું મોટામાં મોટું સ્તુપ ૧૫૧૩૦ સ્ક્વેર મીટરનાં વિશાળ પરિસરમાં ૪૨ મીટર ઊંચાઈનું મંદિર છે.જ્યાં ૫૦૪ બુદ્ધ મૂર્તિઓ અને ૨૪૦૦ અન્ય મૂર્તિઓ રાખવામાં આવેલી છે. અહીં સનાતનધર્મ,બુદ્ધધર્મ અને ઈસ્લામ ધર્મનું સહ અસ્તિત્વ દેખાય છે.

આ સુંદર જાવા ટાપુ જે શૈલેન્દ્ર રાજવંશ સાથે જોડાયેલો છે.

# આપણે દર વર્ષે સ્વતંત્રા દિવસ ખૂબ જોરશોરથી મનાવીએ છીએ. સરસ, મનાવવો પણ જોઈએ.

આપણે દર વર્ષે સ્વતંત્રા દિવસ ખૂબ જોરશોરથી મનાવીએ છીએ. સરસ, મનાવવો પણ જોઈએ. પરંતુ જોવા જઈએ તો સમાજમાં સ્વતંત્રતા કરતાં સામાજિક પતન, ષડયંત્ર, દગો, આત્મહત્યા, ખૂન તેમજ બળાત્કારની ઘટનાઓ ઘટતી જોવા મળી રહી છે. જેમાં દીકરીઓ પર થતાં બળાત્કારની ઘટના એવી હૃદય વિદારક છે કે જેની સાથે ઘટે છે તેનું ફક્ત શરીર જ નહીં આત્મા પણ જખ્મી થઈ જાય છે. ક્યાં છે બહેન દિકરીઓ સ્વતંત્ર? રાત્રે દસ વાગ્યે બહાર ગયેલી દિકરીની માને પૂછો, જ્યાં સુધી દિકરી ઘેર પાછી ન ફરે ત્યાં સુધીમાં નકારાત્મક વિચારો સાથે ઝઝૂમતા દમ નીકળી જાય છેબળાત્કારની ઘટના રાક્ષસોને કાયદા કાનૂનનો ડર દેખાડવાથી બંધ નહી થાય દેશનાં ખૂણે-ખૂણે પોલીસ બંદોબસ્ત શક્ય નથી તે આપણે સૌ જાણીએ છીએ. માટે જરૂરી એ છે કે દિકરાઓને સાચી સમજ આપીએ. છાશવારે બનતી બળાત્કાર ની ઘટનાઓ આપણાં અપૂરતાં પાલન પોષણનું પરિણામ છે. આપણે આપણાં બાળકોને દરેક બહેન દિકરીઓને ને સન્માનની નજરે જોવાનું શિખવતા જ નથી. નૈતિક શિક્ષણની જરુરત ઘરમાંથી જ થવી જોઈએ તેમજ સ્કૂલ, કોલેજમાં પણ વિદ્યાર્થીઓને સંસ્કાર સંબંધિત કેળવણી તેમજ સમજ આપવી બેહદ જરૂરી છે.

દિકરીઓને ફક્ત નવરાત્રી પૂરતી જ ઉમા, દુર્ગાનું રુપ સમજી પૂજવાથી આપણાં સૌની સામાજિક જવાબદારી પૂરી નથી થઈ જતી. દિકરીઓને નિયમ, ધરમ, સંસ્કાર ખૂબ શીખવાડી દીધાં હવે જમાનો બદલાયો છે, દિકરાઓને સંસ્કાર આપવાનો સમય પાકી ગયો છે. બહેન દિકરીઓ નું સન્માન કરવાની ભાવના દરેક છોકરાંઓ માં વિકસાવવી એ દરેક મા બાપની ફરજ છે. આજે કોઈ બીજાની દિકરી સાથે ખોટું થયું કાલે તમારી દિકરી સાથે પણ થઈ શકે છે. માટે જાગો વાલીઓ જો સમાજને સુસંસ્કારિત બનાવવો હોય તો દરેક મા બાપે પોતાનાં દિકરાઓને સમાજની દરેક બહેન દિકરીઓ નું સન્માન કરતાં શીખવાડવુ અનિવાર્ય છે. તેમજ તે શિક્ષાનું કડકપણે પાલન કરાવવું એટલું જ જરૂરી છે.

**ભાવના ઠાકર 'ભાવુ' બેંગલોર**




**રોટરી ક્લબ ઓફ બોરીવલીએ ઈનર વ્હીલ ક્લબ ઓફ બોરીવલી સાથે મળીને અયોધ્યા અને વારાણસીની જાત્રાનું આયોજન કરાયું હતું. પ્રમુખ હરીશ ચંદારાણા, સેક્રેટરી ચેતન જોશી, યાત્રા સેવકો - રાજુલ પાઠક, કમલેશ પિપળીયા, જયનીશા સંપટ, ઈનર વ્હીલના પ્રમુખ તેજલ મહેતા, ક્લબએડમિન રાકેશ શેઠ, દીપાલી વાગલે, વિક્રમ શાહ, બીના શાહ, સોનલ ચંદારાણા, નિલેશ પોપટ, જયશ્રી મજીઠિયા, મોના જ્ઞાની વગેરેએ આપેલા સાથસહકારથી રામ અને કાશી વિશ્વનાથ મંદિરના દર્શન કરાયા હતા.**

# નાણાંમંત્રીશ્રી કનુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં વલસાડ મ્યુનિસિપલ હોસ્પિટલમાં નિઃશુલ્ક દવા વિતરણ કાર્યક્રમ યોજાયો

વલસાડની મ્યુનિસિપલ હોસ્પિટલ ખાતે વલસાડના સદગૃહસ્થ સ્વ. કૈલાસનાથ પાંડે પરિવાર દ્વારા નાણાં, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં હોસ્પિટલને રૂ.૧૫ લાખની જીવનરક્ષક દવા અને લેબ સાધનોનું દાન આપવાનો કાર્યક્રમ યોજાયો હતો. પાંડે પરિવાર દ્વારા છેલ્લા ૧૫ વર્ષથી તેમના માતૃશ્રી સ્વ. મીનાબેન કૈલાસનાથ પાંડેના સ્મરણાર્થે તેમની પુણ્યતિથિએ હોસ્પિટલને નિઃશુલ્ક દવાનું દાન કરવામાં આવે છે. અત્યાર સુધી રૂ. ૬૫ લાખની દવાનું દાન હોસ્પિટલને પરિવાર દ્વારા કરાયું છે.




સ્વ. કૈલાસનાથ પાંડેના પુત્ર દિવ્યેશ પાંડે અને એમના પરિવારે તમામનો આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે વલસાડ નગરપાલિકાના ચીફ ઓફિસર દશરથ ગોહિલ, માજી પાલિકા પ્રમુખ સોનલ સોલંકી, આગેવાનો, તમામ સમાજના આગેવાનો અને ધર્મગુરુઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ હોસ્પિટલને શક્ય એટલી મદદ અને સહયોગ સરકાર કરશે એમ જણાવી સાથે સમસ્ત પાંડે પરિવારને આરોગ્ય ક્ષેત્રે તેમની સેવાઓ બદલ અભિનંદન પાઠવ્યા હતા. તેઓ નિઃશુલ્ક દવાના દાન દ્વારા વર્ષોથી આ અવિરત સેવા કાર્યરત રાખનાર સેવાભાવીઓને અભિનંદન આપું છું. પાંડે પરિવાર ત્રણ પેઢીથી સમાજસેવા કરી રહ્યો છે. સેવાકીય પ્રવૃતિઓમાં સાથ આપી સમાજમાં પોતાનું યોગદાન આપી રહ્યા છે. મંત્રીશ્રીએ હોસ્પિટલના તબીબ અને સમગ્ર સ્ટાફની સેવાને બિરદાવી હતી.

કલેક્ટરશ્રી એન. એન. દવેએ કહ્યું હતું કે, સરકાર દરિદ્રનારાયણની સેવા માટે તત્પર છે. તેના માટે અનેક કાર્યો કરી રહી છે. માનવ સેવા એજ પ્રભુ સેવાને પાંડે પરિવારે ચરિતાર્થ કર્યો છે.

અન્ય વક્તાઓએ સ્વ. કૈલાસનાથ પાંડે હયાત નથી છતાં આજે પણ લોકો તેમને યાદ કરે છે એમ જણાવ્યું હતું. તેમના પરિવારની સેવાકીય પ્રવૃતિ સમાજ માટે ઉદાહરણીય બનશે એમ જણાવી સ્વ. અમરનાથ પાંડે દ્વારા કરાયેલા સેવાકીય કાર્યોને પણ યાદ કર્યા હતા. મ્યુનસિપલ હોસ્પિટલના ડૉ. રોહનભાઈએ પાંડે પરિવારની સેવાકીય પ્રવૃત્તિને બિરદાવી હતી. પરિવાર દ્વારા દવાની સહાય આવકારદાયક અને પ્રેરણાદાયક છે એમ જણાવી આભાર વ્યક્ત કર્યો હતો.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOGSS NO: 345**
વિષય : તિરંગા   પ્રકાર : પદ્ય
શીર્ષક : ત્રણ રંગ   શબ્દો:૧૧૮

તિરંગા મને ગમે એમાં ત્રણ રંગ મને ગમે.
લીલો રંગ લીલી હરિયાળી પ્રકૃતિ ઘણી મને.

સફેદ રંગ શાંતિનો દૂત મને ઘણો ગમે.
કેશરી રંગ કરો કેશરીયા આપત્તિ જયારે આવે.

સૌ એક બની કરે સામનો મનહદયથી ગમે.
થોડામાં ઘણો સંદેશો મારો,મારી માતૃભૂમિ કાજે.

કરવું મારે કોઈ એવું ના કામ દેશ મારો લાજે. રાષ્ટ્ર સંપતિને કરું ના નુકશાન દેશદાઝ મને ગમે.

નિર્મળ નિખાલસ નાગરિક રહેવું મને ગમે.
ભેદભાવ ના કોઈ સાથે સર્વ જીવદયા મને ગમે.

મારા મનથી તિરંગાનો આ મહિમા ખૂબ ગમે.
માનવીના બદલતા રંગ જરાય ના મને ગમે.

વ્હાલા મારા તિરંગા રંગ, ભારતનો મહિમા ગમે.
સર્વશ્રેષ્ઠ મારી ભારતભૂમિ, હરખે લાગણી વંદે.
હંસા ઝાલા. "લાગણી" સુરત

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS no: 351**
વિષય:"તિરંગા(હિન્દુસ્તાનની આન શાન" ૧૫ ઓગસ્ટ)
શબ્દો:૧૧૧
શીર્ષક:ભારત દેશ, મારો તિરંગો..
દરેક દિશાઓ મા ચમકે મારો ભારત દેશ..
અમર રહે મારા દેશ નો તિરંગો..
ના આથમે એમ..
પ્રાણથી પ્યારો દેશ મારો,
ઝળહળતો ગગન ચૂમતો, કેસરિયો તિલક લગાવી,
આભમાં આવી ધરતીને પલાળી..
ધર્મનું ચક્ર સદાય ફરતું...
તિરંગો ના આથમે એમ..
ઝળહળતો લહેરાતો ગગન વર્ષે મેહ...
જીવીને લડ્યા, જીવીને મર્યા સ્વતંત્રતા માટે,
તોય તિરંગો ના આથમીઓ એમ ..
આભમાં લહેરાયો શાનથી,સપના જગાડે પ્રેમથી
આવે તિરંગો રંગ ભરી..
શહીદોની કુરબાની કેમ ભુલાય ,આવે ગુણ ગૌરવ તિરંગા મા લપેટી ..
લડતા
રહેશું,સ્વાભિમાનમા રહેશું ,
તિરંગો આથમે ના એમ....
નવા ઉમંગથી નવા સંકલ્પથી સ્વતંત્રતા પર્વ ઉજવતા રહીશું ....
વીરોની ભૂમિ મારી, તિરંગો ના આથમે એમ ....

ભારત ભૂમિ, અખંડ ભૂમિ પ્રાણથી પ્યારી, લવ બલિહારી...
જય જય મારો ભારત દેશ..
જયશ્રી વાઘેલા (મુંબઈ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No.201**
વિષય: તિરંગા
શીર્ષક: તિરંગો લહેરાયો
પ્રકાર : પદ્ય શબ્દો : ૬૧

ભારત ભોમ પર ઠેરઠેર રંગ તિરંગો લહેરાયો,
સ્વતંત્રતા ને સ્વાભિમાનથી શાનથી લહેરાયો.

શૂરવીરોની હિંમત ને બલિદાનનાં રંગે રંગાયો,
કેસરિયા રંગે રંગાઈ ઊંચે આભમાં લહેરાયો.

સત્ય અને શાંતિનો પ્રતિક સફેદ રંગ લહેરાયો,
સમભાવ ને અહિંસા માટે તિરંગામાં સમાયો.

લીલો રંગ હરિયાળી બની ખેતરોમાં લહેરાયો,
લીલી સાડી પહેરીને ભારત ધરતી પર છવાયો.

વીરતાનું પ્રતિક અશોકચક્ર તિરંગામાં સમાયો,
ઉન્નત બની તિરંગો આજે ઉંચે-ઉંચે લહેરાયો.

?? પૂર્વી સુનીલ પટેલ."ઈશાની"વલસાડ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 224**
વિષય :- "તિરંગા ( હિન્દુસ્તાનની આન, બાન, શાન ૧૫મી ઓગસ્ટ )
શીર્ષક :- જન, ગણ, મન...
પ્રકાર :- પદ્ય - શબ્દ :-૭૬

મળી આઝાદી ૨૦૦ વર્ષ બાદ,
૧૫ ઓગસ્ટ ને સાલ ૧૯૪૭ યાદ.

બ્રિટિશ સત્તાથી મુક્તિનો આનંદ,
શે ભૂલાય લડવૈયાના જાનનું યોગદાન.

હિન્દુસ્તાનના ભાગલાંનો શોક,
હૈદરી મહેલે ગાંધીજીનું અનશન.

૧૪ ઓગસ્ટે પાકિસ્તાન અલગ,
૧૫ ઓગસ્ટે ભારત દેશ આઝાદ.

૧૬ ઓગસ્ટે લાલ કિલ્લે ઝંડો,
૧૭ ઓગસ્ટે નક્કી ભારત-પાક સરહદ.

દક્ષિણ કોરિયાથી જાપાન, ફ્રાંસથી કોન્ગો,
બ્રિટનથી બહેરીન પણ ૧૫ ઓગસ્ટે આઝાદ.

તિરંગો છે દેશની આન, બાન, શાન;
જન ગણ મન છે આપણું રાષ્ટ્ર ગાન.

પ્રીતિ શાહ પટેલ 'પ્રીતાર્ષ'

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No. 354**
વિષય:- તિરંગો
પ્રકાર:- પદ્ય
શબ્દસંખ્યા-૬૯
ooooooooooo

આન છે, બાન છે , શાન છે
તિરંગો અમારી જાન છે.
ગર્વ છે, માન છે, પ્રાણ છે,
તિરંગો અમારી ઓળખાણ છે.
હોય જીતનો જલસો કે યુદ્ધની શહીદી ,
તિરંગો અમારું અભિમાન છે.
મુક્ત કરવામાં મા ભોમને,અનેક વીરોનું બલિદાન છે.
રાખીશું સદા તને "આઝાદ" ઓ ભારત
સૌ ભારતવાસીઓ તુજ પર કુરબાન છે.
શાંતિ, સલામતી અને સહિષ્ણુતાની
તું સૌથી મોટી ખાણ છે ,
મળ્યું અણમોલ જીવન તારા ખોળે,
વિધાતા અમ પર મહેરબાન છે.

રેશ્મા પટેલ " રેશમ"સુરત

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No: 346**
વિષય : તિરંગો(હિન્દુસ્તાની આન, બાન, શાન ૧૫મી ઓગસ્ટ)
શીર્ષક : "તિરંગો"- સ્વાતંત્રતાનું ગૌરવ
પ્રકાર : ગદ્ય
શબ્દો : ૩૪૮
oooooooooooooooooo

૧૫ઓગસ્ટ,૧૯૪૭નાં રોજ આઝાદીનાં પ્રથમવાર પ્રધાનમંત્રી શ્રી જવાહલાલ નેહરૂજીએ દિલ્લીનાં લાલ કિલ્લા પર આપણા દેશનાં તિરંગાને લેહરાવેલ હતો.

સ્વતંત્રતાના આ પવિત્ર દિવસને આપણે સૌ ભારતવાસીઓ ખૂબ જ માન-સન્માન તેમજ ગૌરવથી ઉજવીએ જ છીએ. દેશના ગૌરવના આ દિવસે આપણી ભારતીયતાનું માન સન્માન વધારીએ આ બધું તો આપણા દરેક ભારતીય માં છે જ. પરંતુ આપણા ભારત દેશની વ્યક્તિગત સ્વતંત્રતા તેમજ આપણા દેશનો સંપૂર્ણ વિકાસ કરવામાં દેશના દરેક નાગરિકોની દેશ પ્રત્યેની ફરજોનો અમલ કરવાથી જ સાચા અર્થમાં દેશની સ્વતંત્રતા થાય છે.

આપણા ભારતદેશ પ્રત્યેની ફરજો સૌપ્રથમ વખત આઝાદીનાં સમય પછી ઈન્દિરા ગાંધી સરકાર દ્વારા સરદાર સ્વર્ણસિંહએ ભારતદેશના આદર્શ નાગરિક તરીકેની મૂળભૂત ફરજોને દાખલ કરેલ છે. જે અનુસાર અનુચ્છેદ ૫૧-છમાં આપણા દેશના રાષ્ટ્રીયધ્વજ "તિરંગો"નાં માન સન્માનની પણ વાતો થયેલ છે. ૨૪/૭/૧૯૪૭ના રોજ બંધારણીય સભાએ રાષ્ટ્રીયધ્વજનો સ્વીકાર કર્યો હતો. વર્તમાન રાષ્ટ્રીયધ્વજની ડિઝાઇન મેડમ ભીખાઈજી કામાએ તૈયાર કરી હતી. રાષ્ટ્રધ્વજની લંબાઈ પહોળાઈનું પ્રમાણ ૩:૨ છે. રાષ્ટ્રધ્વજ ત્રણ રંગોમાં વહેંચાયેલ છે. કેસરી રંગ બલિદાનનું, સફેદ રંગ શાંતિ અને સત્યનો, લીલો રંગ વિશ્વાસ અને દાક્ષિણ્યનું પ્રતીક છે. વચ્ચે વાદળી રંગનું અશોક ચક્ર છે જે પ્રગતિનું પ્રતીક છે.

આપણા ભારતદેશ પ્રત્યેની આપણી ફરજોના કેટલાક નિયમો નક્કી થયેલ છે.બંધારણના આજ નિયમો આપણા દેશને સ્વતંત્રતા તરફ વાળે છે. ૧)રાષ્ટ્રીય ગૌરવ અપમાન નિવારક અધિનિયમ-૧૯૭૧ મુજબ આપણા ભારતીય બંધારણ,દેશના રાષ્ટ્રગીત તેમજ રાષ્ટ્રધ્વજનું અપમાન થતાં અટકાવે છે. ૨)ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ મુજબ રાષ્ટ્રીય અખંડિતતા માટે આક્રમક ગતિવિધિઓ પર પ્રતિબંધ મુકાયેલ છે તેમજ સજાની જોગવાઈ કરેલ છે. ૩)નાગરિક અધિકાર રક્ષણ અધિનિયમ-૧૯૫૫ મુજબ ક્રાંતિ અને ધર્મ સંબંધિત ગુનાઓ માટે શિક્ષણની જોગવાઈ થયેલ છે. ૪)લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ મુજબ ધર્મને આધારે મત માંગવા તથા ધર્મ જ્ઞાતિ ભાષાના આધાર પર મતભેદ ઊભો કરનાર સાંસદ સભ્ય કે વિધાનસભ્યોને ચૂંટણી આયોજન અયોગ્ય જાહેર કરી શકે છે. ૫)વન્યજીવ સંરક્ષણ અધિનિયમ-૧૯૭૨ મુજબ નાશ પ્રાય વન્યજીવોના વેપાર પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. ૬)વનસંરક્ષણ અધિનિયમ-૧૯૮૦ મુજબ અનિયંત્રિત જંગલોનો નાશ અને જંગલની જમીનોનો ઉપયોગ અન્ય કાર્યો માટે કરવા પર રોક લગાવેલ છે.

આપણે સૌ ભારતવાસીઓ એક પગલું સ્વઆઝાદી તરફ ભરીશું ત્યારે જ આપણા ભારત દેશની સ્વતંત્રતાને પવિત્ર રીતે જાળવવામાં સફળ બનીશું. સ્વઆઝાદી એટલે આપણા વિચારોને સ્વતંત્ર રાખીને આપણા દેશના વિકાસના ઘડતરમાં ફાળો દરેક ભારતીયએ આપવાનો છે. આપણી સ્વઆઝાદીનાં કર્યોથી દેશની ભૂમિને વિકાસશીલ બનાવવાનું છે. આપણા સ્વઆઝાદીથી જોડાયેલા સ્વપ્ર અર્થાત વિચારોને ફેલાવીને દેશના વ્યક્તિત્વનાં વિકાસમાં દરેક વ્યક્તિએ પોતાનું યોગદાન આપવાનું છે.

?? ધિનલ એસ. ગાંવિત(વલસાડ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NGOSS NO. 209**
વિષય : તિરંગા
શિર્ષક —આન,બાન, શાન તિરંગાની
શબ્દો - ૧૦૯
પ્રકાર : અછાંદસ

લહેરાતો તિરંગો ઘરઘર,ઓફિસ,દુકાન અને શેરીઓમાં,
ન ભૂલાય જે થયા શહીદ,સાચવવાં તિરંગાની શાન દુનિયામાં.

ભારતમાતાનાં પનોતા પુત્રને કરીએ યાદ
આભાર - નિહારીકા રવિયા આજ,લહેરાવીએ તિરંગો
હરખાતો,લહેરાતો હવામાં દેખાતો ખુશ જોઈ સ્વતંત્રતાં તિરંગો.

સ્વતંત્રતા છે સૌને વહાલી પણ,વધી સ્વતંત્રતાં
આવી જવાબદારી,
રાખવી આ વાત અગત્યની યાદ,દરેક નાગરિકની છે જવાબદારી.

નિભાવો કર્તવ્ય પહેલાં પછી જ થાઓ લાયક માંગવાં હક્કદાર હક્કનાં સમજે સૌ નાગરિક હક્ક અને ફરજનાં આ પાસા,જળવાશે આન, બાન, શાન સ્વતંત્રતાની.

★સ્વધા★ સમજ જવાબદારી તારી,નિભાવ પૂર્ણ તારી ફરજો, ઉની આંચ ન આવે તિરંગાને,
હક્ક ને ફરજ છે સિક્કાની બે બાજું,સમજ વાત,જળવાતી રહે આન,બાન,શાન તિરંગાની.

સુધાબેન પુરોહિત.અમેરિકા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO.358**
વિષય: તિરંગો(ભારત ની આન બાન શાન)
શીર્ષક : ભારત વર્ષ ની અસ્મિતા
પ્રકાર : ગદ્ય
તિરંગો ભારત ની શાન છે આપણું અભિમાન છે. ભારતીય હોવાનું ગૌરવ છે.
"વસુધૈવ કુટુમ્બકમ" એક જ અસ્મિતા કાજે જીવતા હર એક હિન્દુસ્તાની માટે વિશ્વ ની ભાગોળે તિરંગો લહેરાય ત્યારે એક ભારતીય હોવાનો ગર્વ કોને ન હોય.
"ઋ ગ્વેદનું ખુબ જ પ્રચલિત વાક્ય છે : ''આનો ભદ્રાઃ ક્રતવો યન્તુ વિશ્વતઃ "
એટલે કે ચારેય લહેરાય ત્યારે એક ભારતીય હોવાનું ગર્વ કોને નાં હોય.
કોઈ પણ ક્ષેત્ર માં ભારત નો ધ્વજ લહેરાય ત્યારે એક જ હૃદય ઉર્મિઓ ઉભરાય .
ઋ ગ્વેદનું ખુબ જ પ્રચલિત વાક્ય છે : ''આનો ભદ્રાઃ ક્રતવો યન્તુ વિશ્વતઃ
ચારેય દિશાઓ માંથી અમને શુભ વિચાર પ્રાપ્ત થાઓ.
હે માતૃભૂમિ ભારત તુજ પદ વંદના ,
લાખો ભારતી કરતે તુજ પદ વંદના.
દિગ દિગંત સે શુભ વિચાર હમકો મીલે .
સદગુણ સુરમિત હૃદય કમલ સબકે ખીલે.

યે મહિમા ગુંજ રહી હૈ શાશ્વતમ્
હૈ યહાં સબન કા અભિવાદનમ્
વંદે માતરમ્ વંદે ભારત માતરમ્
જય હિન્દ
લેખક : સૌમ્ય " નીલ" (નિલેશ સોલંકી ઉનાવા)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 140**
વિષય: તિરંગા
શીર્ષક: તિરંગો ધરતીથી ચાંદ તક
પ્રકાર: પદ્ય અછાંદસ
શબ્દો: ૭૮

તિરંગાની આન,બાન ,શાન
ત્રણ રંગ ને અશોક ચક્ર
લહેરાયો ધરતીથી ચાંદ તક

હરીયાળી ક્રાંતિ ભૂમિપૂત્રોની શાન
સિંચાઇ યોજના ને મબલખ પાક

શ્વેત રંગનો શાંતિ સંદેશ સાથે ગૌસંવર્ધન ને દૂધ રેલમછેલ

કેસરી રંગ શૌર્ય પ્રગતિનો સંદેશ
ચાંદ પર પહોંચ્યો "વિક્રમ" સિધ્ધિ અનેરી અવકાશ ક્ષેત્રે.
વર્લ્ડ કપ જીતી ખેલ જગતમાં શાન વધારી ભારતની.

અશોક ચક્ર સર્વધર્મ સમભાવ
વિશ્વ બંધુત્વની ભાવનાનો દ્યોતક

હિંદને દેવભૂમિ કહી કવિ કાન્તે
"ચાહો બધાં પરસ્પરઃ સાહો બધાં પરસ્પર એ પ્રાર્થના કરે આ સંતાન સૌ તમારાં"

લેખિકા: હેમા પિનાકીન ત્રિવેદી"કૃષ્ણપ્રિયા"

## બમ બમ ભોલે!!

બમ બમ ભોલે!!
શ્રાવણ માસમાં,
મહાદેવજીના ભાવ ઉંચકાય છે,
જેમ શેરબજારની સ્ક્રિપ્ટ!!
મહાદેવે જાતે ગુલાબનું ફૂલ માંગે એમ કહ્યું તો
મેં ભાંગ પીધી હોય તેવું લાગે કે નહીં?
એક ગોરોચિટો છોકરો
પૂજારીની પત્નીને કહેતો હતો કે
શારદા બા ગુલાબ છે?
મારે એક ગુલાબ જોઈએ છે,
શારદા બાએ કહ્યું કે ગુલાબ નથી.
હું મારા બગીચાનું ગુલાબ ભોળિયાને અર્પણ કરવા લાવેલો,
મેં વિચાર્યું કે ,
મહાદેવ મૂર્તિ સિવાય તમામમાં બિરાજમાન છે.
હું ફૂલ શંકર ભગવાનને અર્પણ કરું કે
આ છોકરાને આપું,
ફૂલ તો આરાધ્યને પ્રાપ્ત થવાનું છે.
મારા માટે શીલા સ્વરૂપ શંકર આ બાળક સ્વરૂપે પ્રગટ થયા છે.
અલબત, મસ્તિક પર જટા, અર્ધ ચંદ્ર કે ભાગીરથી નથી, ગળામાં ભૂજંગ નથી,
વ્યાઘ ચર્મ નથી, શરીરે ભભૂત નથી,
મહાદેવ મારા સમપર્ણની કસોટી બાળક રૂપે કરી રહ્યા છે.
મારા જેવા પામરની કસોટી,
દેવાધિદેવ આશુતોષ કરે તેનાથી બીજું અહોભાગ્ય શું હોઈ શકે ભલા?
મેં ધડામ દઈને ગુલાબનું ફૂલ પેલાં છોકરાને આપ્યું.
મને ભ્રમ કે થયો કે
મહાદેવજી મોજીલું મંદ મંદ મંગલકારી મરકલું રેલાવી રહ્યા છે!!
જય હો! જય મહાદેવ!! બમ બમ ભોલે!

ભરત વૈષ્ણવ

# નાગવીરી ગામે શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનના નૂતન મંદિરે ભાવ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે

મહેશ એલ. સોની નખત્રાણા

નાગવીરી ગામે તારીખ ૨૧ ઓગસ્ટ થી ૨૪ ઓગસ્ટ સુધી

શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન નૂતન મંદિરે શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન માં ઉમિયાજી, માં અંબાજી સહિત અન્ય દેવી દેવતાઓની મૂર્તિનો ભાવ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે .

આ અંતર્ગત હાલમાં ગામમાં મહોત્સવને લઈને પુર જોશમાં તૈયારી ચાલી રહી છે.ભાવ પ્રતિષ્ઠા મહોત્સવ અંગેની વધુ માહિતી આપતા પાટીદાર સમાજનાં મહામંત્રી શ્રી હિરાલાલભાઈ કે. પોકારે જણાવ્યુ હતું કે

તારીખ ૨૧/૮/૨૦૨૪ના સવારે ૮:૦૦ કલાકે વિજયસ્તંભની સ્થાપના કરાશે બપોરે ૨:૦૦ કલાકે વડીલો, માતૃ શક્તિ,પ્રતિભા સંપન્ન વ્યક્તિઓનું સન્માન, તેમજ સરસ્વતી સન્માન યોજાશે જ્યારે

રાત્રે ૮:૦૦ કલાકે દાંડીયારાસમાં જાણીતાં લોક ગાયક સાગર પટેલ પાઘડી મ્યુઝિકલ ગ્રુપ ઊંઝાના સથવારે ખેલૈયોને ડોલાવશે .

તારીખ ૨૨/૮/૨૦૨૪ના રોજ સવારે ૮: ૦૦ કલાકે શ્રી લક્ષ્મી નારાયણ ભગવાન, માં ઉમિયા, માં અંબાજીના ભાવ પ્રતિષ્ઠા મહોત્સવ મહાયજ્ઞનો પ્રારંભ થશે. બપોરે ૨: ૦૦ કલાકે દીકરીઓઓનું સામૈયું તેમજ રાત્રે ૮: ૦૦ કલાકે ગામની દિકરીઓનું (નિયાણી) સન્માન કરવામાં આવશે,

તારીખ ૨૩/૮/૨૦૨૪ના રોજ સવારે ૮: ૦૦ કલાકે જલયાત્રા બાદ બપોરે સંતોના સામૈયા તેમજ સંતોના આર્શીવચન .

બપોરે ૨:૦૦ કલાકે કચ્છ મોરબીના સાંસદ વિનોદભાઈ ચાવડા,ધારાસભ્યો શ્રી પ્રદ્યુમન સિંહ જાડેજા, કેશુભાઈપટેલ ,નખત્રાણા તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી ભાવનાબેન પટેલ તેમજ અ. ભા. લક્ષ્મીનારાયણ સનાતન સમાજના પ્રમુખશ્રી તેમજ સમાજના મહાનુભાવોનું સન્માન અને પ્રાસંગીક પ્રવચન તેમજ રાત્રે નેહલ બેન ગઢવીનું પ્રેરક વકતવ્ય યોજાશે સાથે પ્રતિભા શોધ (ટેલેન્ટ હન્ટ) કાર્યક્રમ નું આયોજન કરાયું છે.મહોત્સવના અંતિમ દિવસે તારીખ ૨૪ /૮/૨૦૨૪ ના રોજ ના રોજ સવારે શ્રી રાજ રાજેશ્વર મહાદેવનો પાટોત્સવ ઉજવાશે બપોરે ૨: ૦૦ કલાકે દાતાશ્રીઓનું / કાર્યકર્તા ઓનું સન્માન તેમજ રાત્રે ૯: ૦૦ કલાકે ગુજરાતના જાણીતાં ભજનિક ધીરૂ ભાઈ પોકાર (પાંતિયાવાળા) એન્ડ પાર્ટી દ્વારા ભવ્ય સંતવાણીનો કાર્યક્ર્મ યોજાશે.

ગામના અનેરા મહોત્સવ ને માણવા ગામનાં પાટીદારો મોટી સંખ્યામાં માદરે વતન ઉમટી પડયા છે. મહોત્સવને યાદગાર બનાવવા તમામ દીકરીઆના નામે વૃક્ષારોપણ વાછરા દાદાના મંદિરની સમીપે ૯૦૦ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે.

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના રૂ. ૧૦૦૩ કરોડના ૪૫ પ્રજાલક્ષી પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરતા ગાંધીનગર લોકસભા ક્ષેત્રના લોકપ્રિય સાંસદ તેમજ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહ




**પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી પ્રેરિત 'એક પેડ માં કે નામ' ફક્ત નારો ના રહેતા જન અભિયાનમાં પરિવર્તિત થયું હોવાનું જણાવતા શ્રી અમિતભાઈ શાહ**

--------

**સમગ્ર દેશમાં અમદાવાદ શહેર અને ગાંધીનગર લોકસભા ક્ષેત્ર વિકાસના નવા રેકોર્ડ સર કરી રહ્યું હોવાનું જણાવતા શ્રી અમિતભાઈ શાહ**

--------

**આગામી પેઢીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે પરિવારના સભ્ય દીઠ એક વૃક્ષના ઉછેરનું આહ્વાન કરતાં શ્રી અમિતભાઈ શાહ**

--------

**ઇઝ ઓફ લિવિંગને વધારવા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી અને કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહની પ્રેરણા હેઠળ રાજ્ય સરકાર નાગરિકોની અપેક્ષા મુજબ સ્વચ્છતા, સુવિધા અને સુખાકારીના કામોનું શ્રેણીબદ્ધ આયોજન કરી રહી હોવાનું જણાવતા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ**

---------

ગાંધીનગર લોકસભા ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, ગાંધીનગર લોકસભા ક્ષેત્રના લોકપ્રિય સાંસદ તેમજ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહના વરદ હસ્તે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના રૂ. ૧૦૦૩ કરોડના વિવિધ ૪૫ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું.આ પૂર્વે શ્રી અમિતભાઈ શાહે થલતેજ ખાતે પીપીપી મોડલથી તૈયાર થયેલ ઓક્સીજન પાર્ક અને તળાવનું તેમજ મકરબા ખાતે નવનિર્મિત સ્વિમિંગ પુલ અને જીમનેશિયમનું લોકાર્પણ કર્યું હતું. હરિયાળી લોકસભા અંતર્ગત મિશન મિલિયન ટ્રી યોજના અન્વયે તેઓ વૃક્ષારોપણ કાર્યક્રમમાં સહભાગી થયા હતાં.કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને રાજ્ય સરકારનો રૂ.૧૦૦૩ કરોડના વિવિધ પ્રજાલક્ષી વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્તના કાર્યક્રમમાં આમંત્રિત કરવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો અને જણાવ્યું હતું કે, સમગ્ર દેશમાં અમદાવાદ શહેર અને ગાંધીનગર લોકસભા ક્ષેત્ર વિકાસના નવા રેકોર્ડ સર કરી રહ્યું છે. આજે ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં રૂ.૭૩૦ કરોડના ખર્ચે ૨૧ પરિયોજનાઓનું લોકાર્પણ અને ૪ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત થયું છે. મારા સંસદસભ્ય હોવાના છેલ્લા ૫ વર્ષમાં એક પણ વર્ષ એવું નથી કે છસ્ઙ્ઘ અને રાજ્ય સરકાર દ્વારા એક વર્ષમાં ક્ષેત્રમાં રૂ.૫૦૦૦ કરોડના કાર્ય ન થયા હોય. આજે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્વચ્છતા, આરોગ્ય, બાળકોને રમતગમતનું પ્લેટફોર્મ મળે તેવા તેમજ પર્યાવરણની જાળવણી માટે ઓકસીજન પાર્ક સહિતના વિવિધ પ્રકલ્પોના લોકાર્પણ થયા છે. નજીવી ફી સાથે સ્વિમિંગ અને વિનામૂલ્યે યોગ અને આસનો માટેની વ્યવસ્થાનો નાગરિકો બહોળા પ્રમાણમાં લાભ લઈ શકશે.

શ્રી શાહે જણાવ્યું હતું કે, શ્રી નરેન્દ્રભાઈ મોદી અનેક વર્ષ ગુજરાતના મુખ્યમંત્રી રહ્યા અને ૨૦૧૪ માં દેશની જનતાએ દેશના પ્રધાનમંત્રી બનાવ્યા. ગત ચૂંટણીમાં દેશની જનતાએ ૬૦ વર્ષ પછી કોઈ વ્યક્તિને સતત ત્રીજી વખત પ્રધાનમંત્રી બનાવવાનું કાર્ય કર્યું. ભારે બહુમતી સાથે અમદાવાદ શહેરને સમાવતી ત્રણેય લોકસભા બેઠકો અને ગુજરાતની ૨૫ બેઠકો જનતાએ ભાજપની ઝોળીમાં આપી તે બદલ જનતાને ધન્યવાદ પાઠવી સતત બીજી વખત ભારે બહુમતથી ગાંધીનગર લોકસભા બેઠક પર થી ભાજપા ઉમેદવાર તરીકે વિજયી બનાવવા બદલ શ્રી શાહે જનતાનો ખૂબ ખૂબ આભાર પણ વ્યક્ત કર્યો હતો. શ્રી શાહે અમદાવાદનો ભવિષ્યને અનુકૂળ વિકાસ કરી દેશના શહેરોમાં અગ્રીમ સ્થાને લાવવાનો નગરજનોને વિશ્વાસ આપ્યો હતો.

શ્રી શાહે જણાવ્યું હતું કે, જળવાયુ પરિવર્તન અને ગ્લોબલ વૉર્મિંગ પૃથ્વી અને માનવતાના અસ્તિત્વ માટે મોટા ખતરા છે ત્યારે આગામી પેઢીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે દેશના પ્રધાનમંત્રી અને ગુજરાતના પનોતા પુત્ર શ્રી નરેન્દ્રભાઈ મોદીએ માતા જીવિત હોય તો તેમને સાથે રાખી અને દિવંગત થયા હોય તો તેમની તસવીર સાથે 'એક પેડ માં કે નામ' વૃક્ષારોપણનું અભિયાન શરૂ કર્યું છે. 'એક પેડ માં કે નામ' ફક્ત નારો ના રહેતા જન અભિયાનમાં પરિવર્તિત થયું છે. અમદાવાદની જેમ દેશના અનેક શહેરોએ વૃક્ષારોપણનો સંકલ્પ લીધો છે. અમદાવાદના નાગરિકોને પરિવારના સભ્ય દીઠ એક વૃક્ષના વાવેતર અને ઉછેર માટે અપીલ કરું છું. અ. મ્યુ. કો. એ પણ ૧૦૦ દિવસમાં ૨૦ લાખ વૃક્ષ વાવવાનો સરાહનીય સંકલ્પ કર્યો છે.

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહે આજરોજ લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરેલ રૂ.૧૦૦૩ કરોડના વિકાસકાર્યોમાં ડોર ટુ ડોર વેસ્ટ કલેક્શન માટે ૧૮૫૦ થી વધુ બંધ બોડીના વાહનો, ૧૮૦ મેટ્રિક ટન દૈનિક કેપેસિટી સાથેના બેચ હોટમિક્સ પ્લાન્ટ, ઘોડાસર જંકશન ફ્લાયઓવર બ્રિજ, કેન્ટોનમેન્ટ ખાતે ડ્રેનેજ પ્રોજેક્ટ, સૈજપુર વોર્ડમાં જીૅ પ્લાન્ટ, ગોમતીપુર વોર્ડમાં અમરાઈવાડી પંપીંગ સ્ટેશન, ઠક્કરબાપાનગર ખાતે ૪૮૫ ઈઉજી આવાસ; સરખેજ, મકતમપુરા, લાંભા વોર્ડમાં ૮ સ્માર્ટ સ્કૂલ; દાણીલીમડા, અસારવા, ઠક્કરબાપાનગર વિસ્તારમાં ૪ સ્માર્ટ સ્કૂલ, વાસણા વોર્ડમાં શેલ્ટર હોમ, જોધપુર વોર્ડમાં અર્બન હેલ્થ સેન્ટર; નરોડા, ઓઢવ, મોટેરા ખાતે વેજીટેબલ માર્કેટ; ઘાટલોડિયા અને નારણપુરા વોર્ડમાં ૯ આંગણવાડી; વિવિધ વોર્ડમાં વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશન, વટવા વોર્ડમાં ઓવરહેડ ટેન્ક; સરખેજ, જોધપુર, થલતેજ, અમરાઈવાડી વોર્ડમાં પિંક ટોયલેટ; પાલડી ખાતે સંસ્કાર કેન્દ્રનું રીડેવલપમેન્ટ, બોડકદેવ સબ ઝોનલ ઓફિસ અને શાકમાર્કેટ, ઘાટલોડિયા વિવેકાનંદ તળાવનું સમારકામ સહિતના કાર્યોનો સમાવેશ થાય છે.

આ તકે રાજયના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૧૫ ઓગસ્ટે તેમના સંબોધનમાં દેશના મધ્યમવર્ગના પરિવારને ક્વોલિટી ઓફ લાઇફ આપીને વિકસિત ભારતના નિર્માણની વાત કરી છે ત્યારે આજે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના વરદ હસ્તે નાગરિકો માટે વધુ સુવિધાજનક પ્રકલ્પોની ભેટ મળી છે. ઈઝ ઓફ લિવિંગને વધારવા સરકાર નાગરિકોની અપેક્ષા મુજબ સ્વચ્છતા, સુવિધા અને સુખાકારીના કામોનું શ્રેણીબદ્ધ આયોજન કરી રહી છે.આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, રાજ્ય સરકારના મંત્રીશ્રી ઋષિકેશ પટેલ, શ્રી જગદીશ વિશ્વકર્મા, પ્રદેશ મહામંત્રી રજનીભાઈ પટેલ, મેયર પ્રતિભાબેન જૈન, સાંસદશ્રી નરહરિ અમીન, શ્રી દિનેશ મકવાણા, શ્રી હસમુખ પટેલ, ધારાસભ્યશ્રીઓ, નગરસેવકો, સિનિયર આગેવાનો, સબંધિત અધિકારીગણ ઉપસ્થિત રહ્યા હતાં.

# આદરણીય મોદીજીએ પરિવારવાદ- જાતિવાદ- તૃષ્ટીકરણ- ભ્રષ્ટાચારથી દેશને સુરક્ષીત કરવાનુ કામ કર્યુ હોવાનું જણાવતા શ્રી અમિતભાઈ શાહ

**પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ ત્રણ પેઢીઓથી અન્યાયનો સામનો કરી રહેલા કરોડો શરણાર્થીઓને ન્યાય આપવાનું કામ કર્યું હોવાનું જણાવતા શ્રી અમિતભાઇ શાહ**

-----------

**વિપક્ષે ઘૂસણખોરોને અધિકારો આપ્યા, પરંતુ શરણાર્થીઓને તેમના અધિકારોથી વંચિત રાખ્યા. - શ્રી અમિતભાઇ શાહ**

--------------

**દેશભરના શરણાથીઓને ગેરમાર્ગે ન દોરાવા અને ચિંતામુક્ત થઈ નાગરિકતા માટે અરજી કરવા અપીલ કરતા શ્રી અમિતભાઇ શાહ**

-----------

**શ્રી અમિતભાઇ શાહે જે કહેવુ તે કરવુ નો મંત્ર સાર્થક કર્યો - શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ**

-----------

**આદરણીય મોદીજીએ આપેલી ગૅરટીને સાકાર કરવામા અને તેને જમીની સ્તરે પહોંચાડવા શ્રી અમિતભાઇ શાહે મક્કમતાથી કાર્ય કર્યા - શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ**

----------



ગાંધીનગર લોકસભા ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે ગાંધીનગર લોકસભાના લોકપ્રિય સાંસદ તેમજ કેન્દ્રીય ગૃહ અને સહકારીતા મંત્રીશ્રી અમિતભાઇ શાહના હસ્તે અને મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં ઝછછ અંતર્ગત નાગરિકતા પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમ અમદાવાદ ખાતે યોજાયો.

શ્રી અમિતભાઇ શાહે સંબોધન કરતા જણાવ્યું કે, આજે મારા જેવા સમાજ જીવનના કામ કરતા કાર્યકર્તા માટે એક ભાવુક ક્ષણ છે. ઝછછ એ દેશમા વસતા લોકોને નાગરિકતા આપવાનો કાર્યક્રમ નથી, પરંતુ ઝછછ દેશમા વસી રહેલા લાખો શરણાથીઓને ન્યાય અને અધિકારો આપવાનો કાયદો છે. કોંગ્રેસના સમયમા તેમની તૃષ્ટીકરણની નિતીના કારણે ૧૯૪૭થી ૨૦૧૪ સુધી જે લોકો દેશના શરણે આવ્યા તેમને ન્યાય નોહતો મળ્યો. લાખો લોકો ત્રણ-ત્રણ પેઢી સુધી ન્યાય માટે તરસતા રહ્યા પરંતુ કોંગ્રેસ અને તેની સાથી પાર્ટીના નેતાઓએ આવા લોકોને ન્યાય આપ્યો નહી.

શ્રી શાહે ઝછછ વિષે જણાવ્યું કે, કોઇ પણ દેશનુ વિભાજન ધર્મના આધારે ન થવુ જોઇએ પરંતુ ભારતનુ વિભાજન આઝાદી સમયે ધર્મના આધારે કરવામા આવ્યું અને જયારે ભારતનુ વિભાજન ધર્મના આધારે કરવામા આવ્યુ ત્યારે અથડામળો થતી હતી. દેશે હમણા જ ૧૪ ઓગષ્ટે વિભાજન વિભીષીકા દિવસ ઉજવ્યો. ભારતના કરોડો લોકો આ ભૂલી નહી શકે કે કેટલી ભારે વેદના સહન કરવી પડી છે. પરિવારના પરિવારો વિખેરાઇ ગયા હતા, રૂપિયા થકી સદ્ધર લોકો પણ રસ્તા પર આવી ગયા હતા આનાથી મોટો અત્યાચાર દુનિયામા ક્યાયં નહી થયો હોય. તે સમયે વિભાજનને નિર્ણય કર્યો અને કોંગ્રેસના નેતાઓએ વચન આપ્યુ હતું કે, પડોશી દેશોથી જે શ ર ણ ા થ ી ર્ અ ા ે હિન્દુ,બોદ્ધ,શિખ,જૈન ભારતમાં આવશે તેમને નાગરિકત્વ આપશે અને ભારત તેમનુ સ્વાગત કરશે પરંતુ જેમ જેમ ચૂંટણીઓ આવતી ગઇ તેમના નેતા વચનોથી દુર થતા રહ્યા. વર્ષ ૧૯૪૭,૪૮ અને ૫૦ મા આપેલુ વચન ભૂલાઇ દેવામા આવ્યું કારણ કે તેઓ માનતા કે જો અમે તેમને નાગરિકતા આપીશુ તો અમારી વૉટ બેંક નારાજ થઇ જશે.

શ્રી શાહે આ કાર્યક્રમના મંચથી કોંગ્રેસ અને તેમના સાથીદારોને વેધક સવાલ પૂછતા કહ્યું કે શું ભૂલ હતી આ લોકોમા કે જેઓ તેમની બહેન-દિકરીઓને બચાવવા ભારત આવ્યા તેઓ કેમ ભારતના નાગરીક ન બને. એક તરફ દેશની સરહદથી ઘૂસણખોરી કરાવી અને તેમને ખોટી રીતે નાગરીકતા આપી અને જે લોકો નિયમ-કાયદાને માને છે તમને અરજી કરી ત્યારે તમને કહેવામા આવ્યુ કે તમારા માટે જગ્યા નથી. કાયદો લોકો માટે હોય છે કાયદા માટે લોકો ન હોય. ભાજપાએ ૨૦૧૪મા વચન આપ્યુ હતું કે જો ભાજપા અને એનડીએ સરકાર આવશે તો અમે ઝછછ કાયદો લાવીશુ અને અમે ૨૦૧૯મા આ કાયદો લાવ્યા. કરોડો હિન્દુ,બોધ્ધ,જૈન, શિખ લોકોને ન્યાય ન હતો મળ્યો તેમને ન્યાય અપાવ્યો. ૨૦૧૯ મા આ કાયદો પસાર થયો ત્યારે લોકોને ભડકાવવામા આવ્યા કે મુસલમાનોની નાગરીકતા જતી રહેશે પરંતુ મુસ્લીમ ભાઇઓને જણાવવા માગુ છુ કે આ કાયદામા કોઇની નાગરિકતા પાછી લેવાનો પ્રોવિઝન નથી,આ કાયદો નાગરિકતા આપવા માટેનો છે. આપણા દેશના લોકો આપણા દેશમા નિરાશ્રીત થઇ ને રહે તેનાથી બીજું દુર્ભાગ્ય શું હોય. આજે પણ કેટલીક રાજય સરકાર જે લોકોને ગેરમાર્ગે દોરે રહી છે પરંતુ હું શરણાથી લોકોને કહેવા માગુ છું કે તમે ચિંતા મુક્ત થઇને અરજી કરો નાગરીકતા મેળવો. શ્રી શાહે આનંદ વ્યક્ત કરતા કહ્યું કે મારા રાજયમા ૧૮૮ પરિવાર મા ભારતીનો પરિવાર બનીને આપણી સાથે રહેશે. દેશભરના શરણાથીઓને અપીલ કરુ છું કે, કોઇ પણ રાજકીય પાર્ટી તમને ગેરમાર્ગે દોરે તેમનુ માનશો નહી આ કાયદો તમને ન્યાય આપવા માટે છે.

શ્રી શાહ વધુમા જણાવ્યું કે, જયારે આદરણીય મોદીજી દેશના વડાપ્રધાન ઉમેદવાર બન્યા ત્યારે કહ્યુ હતું કે આ દેશનુ લોકતંત્ર , પરિવારવાદ-જાતિવાદ-તૃષ્ટીકરણ-ભ્રષ્ટાચારથી પીડીત છે અને મોદીજી એ દસ વર્ષમા દેશને આનાથી સુરક્ષીત કરવાનુ કામ કર્યુ છે. દેશની જનતાએ પરિવારવાદની પાર્ટીઓને સત્તાથી દુર કરી દીધી છે. આદરણીય મોદીજીએ દેશમા તૃષ્ટીકરણની રાજનીતી દુર કરવાનો પ્રયાસ કર્યો. આ દેશમા ત્રીપલ તલાકને દુર કરવાનુ કામ પણ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કર્યુ છે.

મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલે સંબોધન કરતા જણાવ્યું કે, વિશ્વનેતા અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમા અને સુશાસનમા ૧૪૦ કરોડ દેશવાસીઓએ આદરણીય નરેન્દ્રભાઇ મોદીજી પર વિશ્વાસ મુકી ત્રીજી વખત દેશનુ સેવા દાઇત્વ સોંપ્યુ છે. ૧૯૪૭મા ભારત આઝાદ થયો ત્યારે ધર્મ કોમના નામે પડેલા ભાગલામા આપણા અનેક બંધુઓ અન્ય દેશમા વસવાટ કરવા મજબૂર થયેલા. મહાત્મા ગાંધી અને સરદાર સાહેબે સ્વરાજ અપાવ્યુ ત્યારે મહાત્મા ગાંધીએ કહ્યુ હતુ કે પાકિસ્તાનમા રહેલા વિવિધ ધર્મના લોકોને ભારતમા આવીને વસવુ હોય તો તેમનુ સ્વાગત છે.




# સિધ્ધપુર ખાતે કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપુતની વિવિધ કાર્યક્રમ દ્વારા જન્મદિવસની ઉજવણી કરવામાં આવી



કેબિનેટ મંત્રી બલવંતસિહ રાજપુતના જન્મ દિવસ નિમિત્તે ગોકુલ ગ્લોબલ ગ્લોબલ યુનિવર્સિટી ખાતે જન્મદિવસની ઉજવણીના ભાગ રૂપે વિદ્યાર્થીઓ દ્વારા ×ગાર્ડ ઓફ ઓનર×આપી વિશેષ સન્માન કરવામાં આવ્યું, માતાજીના દર્શન, યુનિવર્સિટી કમ્પાઉન્ડમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું, નક્ષત્ર વન ખાતે હવનનું આયોજન કરી પૂજા કરવામાં આવી, તેમજ રેડ ક્રોસ સોસાયટી દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ યોજવામાં આવ્યો, થેલેમેશિયા કેમ્પમાં બાળકોને પોષણ કિટનુ વિતરણ કરવામાં આવ્યું, ઓડિટોરિયમ હોલ ખાતે કેક કટીંગ અને વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યા જનરલ હોસ્પિટલ ખાતે સિદ્ધપુર શહેર તાલુકા ભાજપ દ્વારા દર્દીઓને ફૂટ વિતરણ કરવામાં આવ્યું તેમજ સેદ્રાણા નિવાસી આશ્રમશાળામાં કેક કાપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા આમ અનેકવિધ કાર્યક્રમો દ્વારા જન્મદિવસ ઉજવ્યો, તેમજ સંગઠનના હોદ્દેદારો, સિનિયર આગેવાનો, સિધ્ધપુરની અગ્રગણ્ય સંસ્થાઓના હોદ્દેદારો, સામાજિક સંસ્થાઓ વિવિધ સમાજના આગેવાનો દ્વારા શુભેચ્છાઓ પાઠવી હતી તે બદલ કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂતે બધાનો આભાર વ્યક્ત કર્યો હતો.



**૧૫-૮-૨૪ ના આજ રોજ ૭૮મા આઝાદી ના દિવસે ગાંધીનગર ,સરગાસણ મા આવેલ સ્વાગત એફોર્ડ સોસાયટી મા સ્પેશિયલ બાળક દ્વારા ધ્વજ વંદન કાર્યક્રમ કરવામા આવેલ તથા ચિત્ર સ્પર્ધા તથા રમતગમત નુ આયોજન રાખવામા પણ આવેલ સાથે બ્લડ ડોનેશન કેમ્પ નુ આયોજન પણ રાખેલ જેમા સર્વે એ ઉત્સાહભેર ભાગ લીધો હતો**

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.